# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૮-A તા.૨૨-૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ઓનલાઈન રમાતી પબજી રમતને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને લોકજાગૃતિ કેળવવા ઉપાયો કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૬૪૩-૯૮ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીનો તા.૨૧-૧-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે વર્તમાન સમયમાં યુવાનો અને બાળકોમાં ઓનલાઈન રમાતી ‘પબજી’ રમત રમવાની ખૂબ ઘેલછા જોવા મળી રહી છે. જેની યુવાનો અને બાળકોના શિક્ષણ પર ખૂબ જ નકારાત્મક અસરો જોવા મળે છે. જે અન્વયે આપના હસ્તકની પ્રાથમિક શાળાના બાળકોમાં ‘પબજી’ રમત અંગે સજાગતા કેળવાય તે માટે શાળાકક્ષાએથી જરૂરી સૂચનો આપશો.

બિડાણ :- ગુજરાત રાજ્ય બાળઅધિકાર સંરક્ષણ આયોગ,ગુજરાત સરકાર નો પત્ર

તા.૨૨-૧-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

/18

વસંત જે. ત્રિવેદી
નાયબ સચિવ

સત્યમેવ જયતે

ગુજરાત સરકાર
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ,
બ્લોક નં. ૧૯, ત્રીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨ ૦૧૦
(ઓ) ૦૭૯-૨૩૨૫૫૬૭૬
ફેક્સ નં. ૦૭૯-૨૩૨૫૫૬૭૮
તારીખ :

ક્રમાંક-બાઅસં-ફરદ-ઇ.મેલ (ચં.ધ્રુવ) ૨૦૧૯

તા. ૪-૧-૨૦૧૯

પ્રતિ,
માન. કમિશ્નરશ્રી,
( શાળાઅ ) ગુ. રા.,
કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૨,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

માન. નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ, ગુ. રા.,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨/૧, ગાંધીનગર

પ્રાથમિક ... ગુ. રા. ગાંધીનગર
10
05 JAN 2019
આવક નં. 01
તારીખ : 26/1/19

વિષય - - શ્રી ચંદ્રવદન ધ્રુવ, અમદાવાદની રજુઆત મોકલવા બાબત.
<u>ઓનલાઇન રમાતી પબ્જી રમતને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને લોકજાગૃતિ કેળવવા વિવિધ ઉપાયો કરવા બાબત.</u>

માનનીય,

શ્રી ચંદ્રવદન ધ્રુવ, અમદાવાદ તરફથી આજરોજ ઇ. મેલ ધ્વારા મળેલ રજુઆત તે સાથેના બિડાણસહ આ સાથે સામેલ રાખી મોકલી છે.

૨. તેઓશ્રીએ જણાવેલ છે કે, ઓનલાઇન રમાતી પબ્જી રમતને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને લોકજાગૃતિ કેળવવા વિવિધ ઉપાયો કરવામાં આવે. આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અને કરવામાં આવેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( વી. જે. ત્રિવેદી )
નાયબ સચિવ
ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

બિડાણ- ઉપર મુજબ.

Scanned by CamScanner